નમામીશ્વરં સચ્ચિદાનંદરૂપં
લસત્કુંડલં ગોકુલે ભ્રાજમાનમ્ ।
યશોદાભિયોલૂખલાદ્ધાવમાનં
પરામૃષ્ટમત્યંતતો દ્રુત્ય ગોપ્યા ॥ ૧ ॥

રુદંતં મુહુર્નેત્રયુગ્મં મૃજંતં
કરાંભોજયુગ્મેન સાતંકનેત્રમ્ ।
મુહુઃ શ્વાસકંપત્રિરેખાંકકંઠ-
સ્થિતગ્રૈવ-દામોદરં ભક્તિબદ્ધમ્ ॥ ૨ ॥

ઇતીદૃક્ સ્વલીલાભિરાનંદકુંડે
સ્વઘોષં નિમજ્જંતમાખ્યાપયંતમ્ ।
તદીયેષિતાજ્ઞેષુ ભક્તૈર્જિતત્વં
પુનઃ પ્રેમતસ્તં શતાવૃત્તિ વંદે ॥ ૩ ॥



વરં દેવ મોક્ષં ન મોક્ષાવધિં વા
ન ચાન્યં વૃણેડહં વરેષાદપીહ ।
ઇદં તે વપુર્નાથ ગોપાલબાલં
સદા મે મનસ્યાવિરાસ્તાં કિમન્યૈઃ ॥ ૪ ॥

ઇદં તે મુખાંભોજમત્યંતનીલૈર્-
વૃતં કુંતલૈઃ સ્નિગ્ધ-રક્તૈશ્ચ ગોપ્યા ।
મુહુશ્ચુંબિતં બિંબરક્તધરં મે
મનસ્યાવિરાસ્તાં અલં લક્ષલાભૈઃ ॥ ૫ ॥

નમો દેવ દામોદરાનંત વિષ્ણો
પ્રસીદ પ્રભો દુઃખજાલાબ્ધિમગ્નમ્ ।
કૃપાદૃષ્ટિવૃષ્ટ્યાતિદીનં બતાનુ
ગૃહાણેશ માં અજ્ઞમેધ્યક્ષિદૃશ્યઃ ॥ ૬ ॥

કુવેરાત્મજૌ બદ્ધમૂર્ત્યૈવ યદ્વત્
ત્વયા મોચિતૌ ભક્તિભાજૌ કૃતૌ ચ ।
તથા પ્રેમભક્તિં સ્વકં મે પ્રયચ્છ
ન મોક્ષે ગ્રહો મેડસ્તિ દામોદરેહ ॥ ૭ ॥

નમસ્તેડસ્તુ દામ્ને સ્ફુરદ્દીપ્તિધામ્ને
ત્વદીયોદરાયાથ વિશ્વસ્ય ધામ્ને ।
નમો રાધિકાયૈ ત્વદીયપ્રિયાયૈ
નમોડનંતલીલાય દેવાય તુભ્યમ્ ॥ ૮ ॥

ISKCON of HOUSTON

(૧) હું તે પરમેશ્વરને નમન કરું છું, જેમનું સ્વરૂપ સત્-ચિત્-આનંદમય છે, જેમના કાનમાં મકરાકાર કુંડલ ઝૂલી રહ્યા છે, જેઓ ગોકુલમાં સુંદર રીતે શોભી રહ્યા છે, જેઓ (દહીંની માટકી ફોડીને માખણ ચોર્યા પછી) માતા યશોદાના ભયથી ઉખળી (ઓખલી) પરથી કૂદીને ઝડપથી દોડી રહ્યા છે, પરંતુ જેમને માતા યશોદાએ વધુ ઝડપથી દોડીને પાછળથી પકડી લીધા છે — એવા શ્રી દામોદરને હું વંદન કરું છું.

(૨) (માતાના હાથમાં સોટી જોઈને) તે રડી રહ્યા છે અને પોતાના કમળ જેવા બંને હાથોથી વારંવાર આંખો મસળી રહ્યા છે. તેમની આંખોમાં ભય ભરેલો છે, અને શંખની ત્રણ રેખા જેવી નિશાનીવાળા તેમના ગળામાં રહેલી મોતીની માળા રડવાના કારણે ઝડપથી શ્વાસ લેવાથી કંપી રહી છે. દોરીથી નહીં, પણ માતાના શુદ્ધ પ્રેમથી બાંધાયેલા એવા શ્રી દામોદરને હું વંદન કરું છું.

(૩) આવી બાલલીલાઓથી તે ગોકુલવાસીઓને આનંદના કુંડમાં ડુબાડી રહ્યા છે, અને પોતાના ઐશ્વર્યને જાણતા ભકતોને જણાવી રહ્યા છે કે "હું માત્ર નિર્ભય, અંતરંગ પ્રેમભક્તિથી જીતાઈ જાઉં છું." એવા ભગવાન દામોદરને હું પ્રેમથી સેંકડો વાર વંદન કરું છું.

(૪) હે દેવ! તમે બધા પ્રકારના વર આપી શકો છો, છતાં હું તમારી પાસે ન મોક્ષ માગું છું, ન વૈકુંઠની પ્રાપ્તિ, ન અન્ય કોઈ વર. હે નાથ! તમારું આ બાલ ગોપાલ સ્વરૂપ મારા મનમાં સદા વિરાજમાન રહે — આ સિવાય બીજા કોઈ વરનો મને શો લાભ?

(૫) હે પ્રભુ! તમારું કમળ જેવું મુખ, જે કાળા-લાલ મૃદુ કુંતલો (વાળ)થી ઘેરાયેલું છે, માતા યશોદા વારંવાર ચુંબન કરે છે, અને તમારા હોઠ બિંબ ફળ જેવા લાલ છે. આ સુંદર મુખકમળ મારા મનમાં સદા પ્રકાશિત થાઓ. હજારો અન્ય લાભોથી મને કંઈ પ્રયોજન નથી.

(૬) હે દેવ! હે દામોદર! હે અનંત! હે વિષ્ણુ! હે પ્રભુ! મારા પર પ્રસન્ન થાઓ. દુઃખના જાળા-સમુદ્રમાં ડૂબેલા આ અજ્ઞાની દીનને તમારી કૃપાદૃષ્ટિની વૃષ્ટિથી અનુગ્રહ કરો અને મારી આંખો સમક્ષ પ્રત્યક્ષ થાઓ.

(૭) હે દામોદર! જેમ તમે ઉખળી સાથે દોરીથી બંધાયેલા સ્વરૂપમાં કુબેરના બે પુત્રો (મણિગ્રીવ અને નળકૂવર)ને નારદના શાપમાંથી મુકત કરીને તેમને મહાન ભકત બનાવ્યા, તેમ જ મને પણ તમારી પ્રેમભક્તિ આપો. મને કોઈ પણ પ્રકારના મોક્ષની ઇચ્છા નથી.

(૮) હે દામોદર! પહેલાં હું તમારા ઉદરને બાંધતી તે ઝળહળતી દોરીને નમન કરું છું. પછી સમગ્ર વિશ્વના આધારરૂપ તમારા ઉદરને, તમારી પ્રિયતમા શ્રીમતી રાધિકાને, અને અનંત લીલા કરનારા તમને — પરમેશ્વરને નમન કરું છું.

ISKCON
of HOUSTON